# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 5101-2 તારીખ: 31-7-19

રજી. એડી. પત્ર

પ્રતિ,

એક્સેલ સિરામિક પ્રાઇવેટ લીમીટેડ

૮-એ, નેશનલ હાઇવે,,

મું. પો. : મકનસર , તા. : મોરબી, જી. : મોરબી ,

પીન કોડ. : ૩૬૩૬૪૨

મોબાઈલ : ૯૮૭૯૭૭૬૦૭૬

વિષય : એક્સેસ બિલીંગ રીફંડ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૫-૦૬-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૮/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ. આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧. જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/ક્વા-૧/૧૯-૨૦/ તા.

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૮/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: એક્સેલ સિરામિક પ્રા લી ગામ:મકનસર

રજૂઆત કરનાર: અરજદાર એક્સેલ સિરામિક પ્રા લી ના પ્રતિનિધિ તરીકે સુરેશભાઈ પટેલ તથા વી.વી.પટેલ હાજર રહેલ છે.

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર પીજીવીસીએલ – વિભાગીય કચેરી - મોરબી

રજૂઆત કરનાર: પી. પી. બાવરવા - કાર્યપાલક ઇજનેર વિભાગીય કચેરી – મોરબી

આર.પી.ભટ્ટ – નાયબ ઇજનેર વિભાગીય કચેરી– મોરબી

:: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., શહેર વર્તુળ કચેરી - રાજકોટ

તારીખ: ૧૬-૦૭-૨૦૧૯ (શુક્રવાર)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૬-૦૭-૨૦૧૯ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર એક્સેલ સિરામિક પ્રા લી ગામ -મકનસર, તેઓની અરજીના નોંધણી નં: ૫૮/ક્વા-૧/૧૯-૨૦, માં ૧૩૫૦ કે.વી. ની ડીમાન્ડ થી ધરાવે છે.

૨.૧ માર્ચ ૨૦૧૬ દરમ્યાન બહારથી પાવર ખરીદવાની કાર્યવાહી કરેલ, જે માટે અમે 0.2S class CTPT, ABT METER, ખરીદી કરીને ફિટ કરાવેલ, પરંતુ અમારી મશીનરી બે લાઇનની હતી, પરંતુ ધંધામાં મંદી આવવાથી એક લાઇન નું પ્રોડકસન ચાલુ રાખવાનું હોવાથી અમોએ પાવર ખરીદી ની કાર્યવાહી આગળની મંજૂરી માટે કરેલ નથી.

૨.૨ જુલાઇ ૨૦૧૭ નું બિલ ચેક કરતાં, માલૂમ પડેલ કે અમારા બિલમાં ૦.૭૫ %, CTPT એકયુરસી ક્લાસ ના યુનિટ ચડાવીને આપવામાં આવે છે, જે યોગ્ય ન હોય અમોએ મોરબી પી.જી.વી.સી.એલ. ને વધારે યુનિટ લીધા તેનું રિફંડ માગેલ, પરંતુ કોઈ નિરાકરણ થયેલ નથી.

૨.૩ Hon. GERC has issued concrete provisions and directives in this notification and in all past tariff. In monthly H.T. bills, have observed some ambiguities and differences there-in regarding excess recovered 0.75 % units & M.D. in our total billed units as a correction factor of CTPT not 0.2s class, but it is to inform that we have not scheduled, short term power purchase from date of CTPT 0.2s class installed i.e.14.03.2016.

૨.૪ Looking to the contention mentioned above please attention that at present practice by office to recovered 0.75 % excess units as a correction factor, it is not pertains to us as we are short term open assess consumer and not taking permission for short term power purchase, since beginning so please credit excess recovered unit in our next bill.

૨.૫ As per GERC notification -3(Terms and Conditions of Intra-State Open Access) Regulations, Notification No, 3 of 2011, Short term open access, Chapter -1,clause 3,defination point (s), as under: (s) —Short-term open access means open access for a period upto one month at a time, but not exceeding a period of six months in a calendar year.

As per GERC notification -3(Terms and Conditions of Intra-State Open Access) Regulations, Notification No, 3 of 2011, Short term open access, -clause 15, Procedure for short- term open Access, (d) Binding procedure, point (vii) as under.

vii) If any consumer does not participate in bidding process, his application shall be deemed to have been withdrawn and shall not be processed.

Notification No, 3 of 2011, -clause 16,2 (a) . Intra-State Open Access, as under.
Intra-State Open Access : (a) In respect of a consumer connected to a distribution system seeking Open access, such consumer shall be required to submit the consent of the distribution licensee concerned. The distribution licensee shall convey its consent to the applicant by e-mail or fax or by any other usually recognised mode of communication, within three (3) working days of receipt of the application.

૨.૬ As per Addl. Chief Engineer (R&C), Corporate office Rajkot, letter No; PGVCL/R&C/11926 dated 30.12.2016.it is clearly mentioned that, charges from open access HT consumers monthly bill to be recovered as per calculation given to each Division. જે મુજબ SLDC માથી જે પાવર પરચેઝ દરરોજના ડેટા આવે છે, તે જ ડેટા EXCEL શીટ માં નાખીને બનાવવું તેવું ક્લીયર સુચના છે, તો અમે તો પાવર પરચેસ કરેલ જ નથી, એટલે SLDC, માથી ડેટા શેડયુલના આવેજ નહીં તેમ છતાં મોરબી ડીવીઝને બિલ ABT કઈ રીતે બનાવ્યું અને આ EXCEL, શીટ માં જ CTPT એકયુરસી ક્લાસ 0.75% ઉમેરવાનું ફોર્મેટ છે. જેથી સાબીત થાય છે કે બીલ જે ટેકનીકલમાંથી બનીને રેવન્યુમાં આપે છે તેમાં 0.75% ઉમેરીને આપેલ નથી. પરંતુ રેવન્યુ સેક્શનને આ બધા પાવર પરચેઝ નીયમથી અજાણ હોય, અમારાં બીલ ખોટાં બનાવેલ છે. જે નિયમ મુજ્બ રીવાઇઝ બનાવવા હુકમ કરવાં વીનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૨.૭ નવેમ્બર-2017 નું બીલમાં માસીક યુનીટનો મીટરમાં વપરાશ થાય છે તેમાં 0.75% ઉમેરીને બનાવવામાં આવે છે. આગળનાં બધાજ બીલ ચેક કરતાં ગ્રાહકને ખબર ન પડે તેવી રીતે બીલ બનાવેલ છે. દા.ત. ડીસેમ્બર-2016 નું બીલ જોડેલ છે તેમાં પહેલાં જ ખાનામાં યુનીટ 2,61,726 લખેલ છે તેમાં એક્યુરસી ક્લાસનાં 0.75% ઉમેરીને બીલ બનેલ છે તે ખબર ન પડે. ફક્ત નવેમ્બર-2017 નાં બીલમાં શરૂઆતના રીડીંગ અને છેલ્લાં રીડીંગ બાદબાકી કરીને તફાવતને ૨૦D0 થી ગૂણતા ટોટલ તફાવતનાં યુનીટ ૭,૨૪,3૪૨ થાય છે. પરંતુ આજ યુનીટની એનર્જી ચાર્જની ગણતરીમાં લીધેલ નથી તેને બદલે ૭,૨૯,૭૭૫ લખેલ છે. એટલે અમો મોરબી ડીવીઝનમાં તપાસ કરવાં ગયેલ. ત્યારે જાણવા મળ્યું કે તમો પાવર પરચેસ કરો છો અને CTPT 0.5S નું હોવાથી કરેકશન ફેક્ટરનાં 0.૭૫% યુનીટ ઉમેરવામાં આવે છે.

It is found that Demand charges taken as per 15 minute slots, but is should be taken as per 30 minutes slots as per your company meter.

આથી આપને વિનંતી કરવામાં આવે છે કે અમારૂ બીલીંગ ખોટું થયેલ હોવાથી અમોને અન્યાયકર્તા છે જેથી ઉપર મુજબની વિગતોને ધ્યાને રાખી અમોને ન્યાય મેળવવા માટે- અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 **અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે,** ગ્રાહક શ્રી મે. એક્સેલ સિરામીક પ્રા.લી. ગ્રાહક નં. ૨૬૦૧૧ , તા. ૨૪.૦૩.૨૦૦૧ થી ધરાવે છે. હાલ, સદર વીજ જોડાણ ૧૩૫૦ કે.વી.એ. ની ડીમાંડ ધરાવે છે. સદર ગ્રાહક દ્વારા એચ.ટી.બિલ માં ૦.૭૫% કરેક્શન ફેક્ટર લગાડવામાં આવે છે તે અંગે ગ્રાહક ની રજૂઆત આવેલ છે. જે અનુસાંધાને વિગતવાર જવાબ નીચે પ્રમાણે છે.

૩.૧ મે.એક્સેલ સિરામીક પ્રા.લી. દ્વારા ઓપન એક્સેસ મેળવવા માટે નિગમિત કચેરી રાજકોટ ખાતે અરજી કરેલ હતી. ઓપન એક્સેસ ની એલીજીબિલીટી માટેની તમામ શરતો એક્સેલ સિરામીક દ્વારા પૂર્ણ કરવામાં આવતા તથા નિગમિત કચેરી રાજકોટ દ્વારા બાઈ ડાયરેક્શનલ મિટરીંગ સિસ્ટમ તેમજ CTPT સ્પેશીફિકેશન મંજુર કરવામાં આવતા ગ્રાહક દ્વારા ૦.૨ CLASS નુ સેલ્ફ CTPT ખરીદ કરેલ તથા ૨૩.૦૧.૨૦૧૬ ના રોજ અત્રેની કચેરીને ERDA ખાતે WITHNESS DEPUTE કરવા જણાવેલ. સદર ગ્રાહક દ્વારા SLDC માંથી ઓપન એક્સેસ માટે મીટર સિરીયલ નં. GJ3194B મેળવવામાં આવેલ.

૩.૨ આમ, સદર ગ્રાહક દ્વારા ઓપન એક્સેસ માં એલીજીબલ થવાની તમામ શરતો પૂર્ણ કરતા ગ્રાહક ની અરજી અનુસાર અત્રેની કચેરી દ્વારા તા. ૧૪.૦૩.૨૦૧૬ ના રોજ ABT મીટર (0.2 CLASS) તથા સેલ્ફ CTPT 100/5A કેપેસિટી (0.2 CLASS) ઇન્સ્ટોલ કરી ઓપન એક્સેસ મુજબ બિલિંગ ચાલુ કરેલ.

૩.3 ત્યારબાદ તા. ૩૦.૦૮.૨૦૧૬ ના રોજ સદર ગ્રાહક નુ સેલ્ફ CTPT (0.2 CLAASS) ફેઈલ થતા અત્રેની કચેરી દ્વારા ૦.૫ CLASS નુ CTPT સદર ગ્રાહક નો વિજ પુરવઠો ચાલુ રહી શકે તે માટે ઇન્સ્ટોલ કરવામાં આવેલ. CTPT ની એક્યુરસી 0.5 CLASS હોવાને લીધે બીલ બનાવતી વખતે કરેક્શન ફેક્ટર લગાડેલ છે જે નીયમાધિન છે.

૩.૪ સદર ગ્રાહક દ્વારા ઓપન એક્સેસ બંધ કરવા અંગે ની કોઈ અરજી કે રજૂઆત અત્રેની કચેરી ને મળેલ ન હોય હાલ ની તારીખે પણ સદર ગ્રાહક નુ બિલ ઓપન એક્સેસ મુજબ જ બનાવામાં આવે છે. જે નીયમાધિન છે , તથા કોઇ પણ પ્રકાર ના ચાર્જ કે નાણા રીફંડ આપવાનો પ્રશ્ન નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર મોરબી તાલુકાના મકનસર ગામે મે. એક્સેલ સિરામિક પ્રા લી ના નામથી એચ.ટી. કેટેગરી હેઠળ ગ્રાહક નં. –૨૬૦૧૧ થી એચ.ટી.પી.–૧ ટેરીફ મુજબ ૧૬૦૦ કેવીએનુ વીજજોડાણ તા.૨૪–૦૩–૦૧ થી ધરાવે છે, માહે ઓગષ્ટ–૧૮ મા વીજભાર ઘટાડો થતા ૧૩૫૦ કેવીએના કરારીત વીજભાર વાળુ વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદારની ઓપન એક્સેસ ની અરજી તા. ૧૯.૦૨.૨૦૧૬ અન્વયે ABT મીટર અને CTPT, PGVCL ના પ્રતિનિધિની હાજરીમાં NABL લેબોરેટરી અને ERDA માં ટેસ્ટીંગ કરેલ જે ઇન્સ્ટોલ કરવા માટે PGVCL ની સબંધિત કચેરીમાં રજૂઆત કરેલ છે. જે અનુસંધાને પીજીવીસીએલની નિગમિત કચેરી ના પત્ર નં,PGVCL/Reg Cell/૧૮૬૧ તા.૨૫.૦૨.૨૦૧૬ થી વર્તુળ કચેરી, મોરબીને ABT મીટર અને CTPT નિયમાધીન ઇન્સ્ટોલ કરવા જાણ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.3 ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ, મોરબી દ્વારા ચેકિંગ સીટ નં.HTMRC ૨૦૭૦, તા. ૧૪.૦૩.૨૦૧૬ ના રોજ અરજદાર દ્વારા ખરીદેલ અને ટેસ્ટીંગ કરાવેલ ABT મીટર (make-EDMI) class 0.2S અને CTPT(make-NIKSAN) class 0.2S , ઇન્સ્ટોલ કરેલ છે.

૪.૪ અરજદાર ના પત્ર તા.૨૧–૦૩–૧૬ મુજબ – પાવર એકસચેન્જ માથી પાવર ખરીદવા માટેની મંજુરી મેળવવા પીજીવીસીએલ ની નિગમીત કચેરીમાં અરજી કરેલ છે. જેની સાથે અન્ડરટેકીગ તા.૧૯–૦૩–૧૬ અને ઓથોરાઈઝેશન લેટર જોડેલ છે. સદર અન્ડરટેકીગ માં – સીરીયલ નં.–૪ જણાવ્યા મુજબ '' As per Central Electricity Authority (Installation and Operation of Meters) Regulations, 2006, we are required to have Current Transformer (CT) and Potential Transformer (PT), for metering purpose, having 0.2S accuracy class. However, our existing CT

& PT being used for metering purpose are of 0.5S and 0.5S accuracy class. I/We, therefore, under take that we shall replace the existing CT & PT within the period of three months from the date of this undertaking, with the required accuracy class stated as above and till that time, I/we shall compensate to the PGVCL for the notional loss on account of difference in accuracy class. In case of failure in procuring CT & PT of required accuracy class within time period of three months, PGVCL can withdraw the consent....''

૪.૫ પીજીવીસીએલ ના રીપોર્ટ મુજબ પ્રવર્તમાન ગ્રાહક શ્રી મે. એક્સેલ સિરામિક પ્રા લી ઓપન એક્સેસ થકી પાવર ખરીદવાની ELIGIBILITY ધરાવે છે. શોર્ટ ટર્મ ઓપન એક્સેસ થાકી ગ્રાહક એક માસના સમયગાળા સુધી અન્ય સ્રોત માંથી વીજળી ખરીદી શકે છે.

૪.૬ મુદ્દા નં. 3.3 મુજબ તા. ૩૦.૦૮.૨૦૧૬ ના રોજ સદર ગ્રાહક નુ સેલ્ફ CTPT (0.2 CLAASS) ફેઈલ થતા અત્રેની કચેરી દ્વારા 0.5 CLASS નુ CTPT સદર ગ્રાહક નો વિજ પુરવઠો ચાલુ રહી શકે તે માટે ઇન્સ્ટોલ કરવામાં આવેલ. CTPT ની એક્યુરસી 0.5 CLASS હોવાને લીધે બીલ બનાવતી વખતે કરેક્શન ફેક્ટર લગાડેલ છે જે નીયમાધિન છે.

૪.૭ અરજદાર ના પ્રીમાઈસીસ માં હાલમાં ૦.૫ એકયુરેસી કલાસ નુ સીટીપીટી લગાડેલ છે, તેથી ૦.૭૫% Correction Factor લગાડવામા આવેલ છે, જે પ્રવર્તમાન નિયમ મુજબ સુસંગત છે.

૪.૮ અરજદાર દ્વારા ઓપન એક્સેસ થકી પાવર ખરીદવા માંથી નીકળી જવા માટે સામેવાળાને રજૂઆત કરેલ હોઈ એવો કોઈ રેકોર્ડ રજુ કરેલ નથી જેથી સદર અરજદાર ને ઓપન એક્સેસ elligible તરીકે જ ગણી શકાય જે બાબત નિયમાધીન છે. આમ ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા, અરજદારની રજૂઆત મુજબ ઓપન એક્સેસ માંથી પાવર પરચેઝ કરેલ જ નથી જેથી ABT મુજબ બીલ ન આપી શકાય તે રજૂઆત નિયમ ને સુસંગત નથી.

૪.૯ મે. એક્સેલ સિરામિક પ્રા લી નુ પીજીવીસીએલ દ્વારા ઓપન એક્સેસ ગ્રાહક તરીકે ABT મીટર મુજબ બિલીંગ કરવામાં આવેલ છે, તે નિયમ ને સુસંગત છે.

૪.૧૦ અરજદાર ઓપન એકસેસ થકી પાવર ખરીદવામાથીં ડિસકન્ટીન્યુ થવાની કાર્યવાહી કરીને જરૂરી મંજુરી મળ્યા બાદ, ઓપન એકસેસ ગ્રાહક માથી રેગ્યુલર એચ.ટી. ગ્રાહક તરીકે તબ્દીલ થઈ શકે છે. આમ, રેગ્યુલર એચ.ટી. ગ્રાહક તરીકે Correction Factor, વગરનુ એચ.ટી. બીલ મળી શકે. તેમ છતા, ઓપન એકસેસ થકી પાવર ખરીદ કરવાની લાયકાત ચાલુ રાખીને, અરજદાર Correction Factor વગરનુ બીલ મેળવવા ઈચ્છતા હોય તો, પ્રવર્તમાન સ્પેશીફીકેશન મુજબ – ૦.૨ S કલાસ નુ સીટીપીટી ખરીદીને પીજીવીસીએલ ની ઉપસ્થિતીમાં જરૂરી ટેસ્ટીગ કરાવીને – પીજીવીસીએલ ની મંજુરી મેળવીને પ્રવર્તમાન સીટીપીટી બદલાવીને નવુ સીટીપીટી લગાવ્યા બાદ Correction Factor વગરનુ બીલ મેળવી શકે છે. આ અંગે ની ઉંડાણપૂર્વક સમજ તથા જરૂરી માહિતી મે. એક્સેલ સિરામિક પ્રા લી ના બન્ને પ્રતિનીધીને ફોરમ મીટીગ ની સુનાવણીમાં વ્યકિગત રીતે આપવામા આવેલ છે.

૪.૧૧ અરજદારને અપાયેલ તમામ બીલો નિયમને સુસંગત હોય, અરજદારને કોઈપણ પ્રકારની રીફંડ અંગેની અરજી માન્ય રાખી શકાય નહી.

૪.૧૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી. પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot